# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૨૯ તા.૨૫-૦૭-૨૦૨૪

ફક્ત મ્યુનિ.શાળાઓ માટે જ :-

વિષય :- ૨૬ જુલાઈ કારગીલ વિજય ઉત્સવની ઉજવણી કરવા બાબત.

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકોને ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, ૨૬ જુલાઈ-૧૯૯૯ના રોજ ભારતીય સેના દ્વારા અદમ્ય સાહસ અને શૌર્ય દાખવીને કારગીલ યુદ્ધમાં ભવ્ય વિજય પ્રાપ્ત કરેલ હતો. આ ભવ્ય વિજયમાં ભારતીય સેનાના જવાનોએ પોતાના જીવનું બલિદાન આપીને માતૃભૂમિની રક્ષા કરી હતી. દેશના જવાનોના બલિદાનને યાદ કરીને મ્યુનિ. શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં દેશભક્તિ અને દેશદાઝનો વિકાસ થાય તેમજ તેમનામાં રાષ્ટ્રભક્તિ ઉજાગર થાય તે માટે તમામ મ્યુનિ. શાળાઓમાં ૨૬ જુલાઈ કારગીલ વિજય ઉત્સવની ઉજવણી કરવા જણાવવામાં આવે છે. આ પ્રસંગે નીચે મુજબના કાર્યક્રમો કરવાના રહેશે.

૧. શહીદ વીરોના નામ સાથે સંકળાયેલી શાળાઓએ શહીદ વીરના પરિવાર જનોને બોલાવી શહીદ વીરને પુષ્પાંજલી અર્પી શહીદ વીરને શ્રદ્ધાંજલી આપવી.
૨. તમામ મ્યુનિ. શાળાઓએ વક્તૃત્વ અને નિબંધ સ્પર્ધાનું આયોજન કરવું.

વક્તૃત્વ અને નિબંધ સ્પર્ધાના વિષયો :-

- હું સૈનિક બનુ તો...
- શહીદ દેશના સાચા પ્રહરી
- મારૂ સ્વાભિમાન મારૂ રાષ્ટ્ર

તા.૨૫ -૦૭-૨૦૨૪

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી